ॐ

श्री परमात्मनेनमः

શ્રી સૂરવિજય નાટક સમાજ

सरण ब्रह्म उपासक

નાટ [illegible]

રચનાર

ત્રવાડી [illegible] મયાશંકર

તથા

રાવળ દુર્લભરામ જટાશંકર

(શ્રી સૂરવિજય નાટક સમાજના માલીકો)

જૈન વિજય પ્રીંટીંગ પ્રેસ--સુરત.

પ્રથમાવૃતિ પ્રત ૧૦૦૦

વિક્રમાર્ક ૧૯૭૧ ઈ. સ. ૧૯૧૪

મુલ્ય બે આના

ચેતવણી



છપાવી પ્રસિદ્ધ કરનાર-ત્રવાડી લવજી મયાશંકર,
રાવળ દુર્લભરામ જટાશંકર.
(શ્રી સરવિજય નાટક સમાજના માલેકો.)
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું-હાલ જ્યોર્જ થીયેટર-સુરત.
છાપવાનું ઠેકાણું-"જૈન વિજય પ્રીન્ટિંગ પ્રેસ"માં
ઠાકોરદાસ માનસીંગે છાપ્યું ચૌટાના પુલ ઉપર-સુરત.

પાત્રોનાં નામ.

(સૂત્રધાર, નટી તથા બાળાઓ)

શ્રવણકુમાર ... ...મહાન પિતૃભક્ત

શાન્તવનરૂષી ... . શ્રવણકુમારનો પિતા

... ...માત પિતાને રંજાડનાર કુપુત્ર

ભાનુપ્રસાદ ... ...ચંપકલાલનો પિતા

નંદશંકર ... ...શ્રવણકુમારનો સાળો

ચેતનદાસ ... ...એક ઢોંગી સાધુ

રામકીદાસ ... ...ચેતનદાસનો ચેલો

દશરથ ... ...અયોધ્યાનગરીનો મહારાજા

તે શિવાય વશિષ્ઠ અત્રી, કાશીરાજા, સરદાર સુખલાલ, ત્રીવેણી સુકિર્તી ચોપદાર વીગેરે

સ્ત્રી પાત્ર.

જ્ઞાનવતી ... ...શ્રવણકુમારની માતા

વિદ્યાગવરી ... ...શ્રવણકુમારની સ્ત્રી

ચંમેલી ... ...ચંપકલાલની સ્ત્રી

વીજળી ... ...નંદશંકરની સ્ત્રી

નંદુ ... ...નંદશંકરની માતા

લક્ષ્મી ... ...ચંપકલાલની માતા

श्री

कर्मण्यधिकारस्तेमा फलेपु कदाचन

નાટય વસ્તુ સૂચન

અંક ૧ લો

મંગલાચરણ.

પ્રવેશ ૧ લો. સ્થળ—દશરથ રાજાનો દરબાર.

શ્રવણકુમાર પોતાના માતાપિતાનો અંધાપો દુર કરવા માટેનો ઉપાય વશિષ્ઠ ઋષિને પૂછે છે. વશિષ્ઠ ઋષિ અંધાપાનું પૂર્વનું વૃતાંત સમજાવે છે. માતપિતાને અડસઠ તીર્થની યાત્રા કરાવવાથી અંધાપો દુર થશે એમ સૂચવે છે.

પ્રવેશ ૨ જો—સ્થળ—ચંપકલાલનું મકાન—ભાનુપ્રસાદ તથા લક્ષ્મીના ગરીબ સ્થિતી વિષે ઉદ્ગાર કુપુત્રથી સહેવું પડતું અસહ્ય દુઃખ પુત્ર વધુનો પ્રકોપ, કુભાર્યાનો આબેહુબ ચિતાર, પુત્રનું પાલન કરવામાં માબાપને વેઠવાં પડતાં દુઃખનું વિવેચન.

પ્રવેશ ૩ જો—સ્થળ બાવાજીનો :મઠ—ગુરૂ ચેતનદાસ તથા રામકીદાસની રામકાઓ મેળવવાની મસલત, બેચરદાસ તથા ગુરૂ ચેતનદાસ વચ્ચે ગુરૂના દાંભિકપણા વિષે તકરાર ચંમેલીને ભોળવી તેને ભ્રષ્ટ કરવાની ચેતનદાસની દુષ્ટ ઇચ્છા.

પ્રવેશ ૪ થો-સ્થળ-શ્રવણકુમારનું ઘર—શાન્તવન ઋષિ તથા જ્ઞાનવતી માતાનો શ્રવણ પ્રત્યે પ્રેમ, વૃદ્ધાવસ્થાનો ચિતાર, ચંપકલાલ તથા નંદશંકરની શ્રવણકુમારની ભકિત માટે અવગણના, વિદ્યાગવરીનો વિવેક, નંદશંકરે પોતાની બ્હેનને જૂઠાં બ્હાનાં આપી ઘેર લઇ જવી.

પ્રવેશ ૫ મો-સ્થળ-નંદશંકરનું ઘર—નંદશંકરની સ્ત્રી વિજળીનો બ્હેનપણીઓ સાથે હાસ્યવિનોદ.

પ્રવેશ ૬ ઠો-સ્થળ-ચંપકલાલનું મકાન—ચંપકલાલની માતા લક્ષ્મીનો ચંપકલાલના નાસ્તીકપણા માટે શોચ ભાનુપ્રસાદની વિચિત્ર સ્થીતિ માતા પિતાનો ત્યાગ.

પ્રવેશ ૭ મો-સ્થળ-શ્રવણનું મકાન—રાજા દશરથ તથા વશિષ્ઠ ઋષિનું શ્રવણકુમાર યાત્રા માટે વિદાય થતાં આવવું. સફળ યાત્રા થવા માટે સર્વેનાં આશીર્વચન દશરથ રાજા તરફથી ભેટ, અત્રીઋષિનું આગમન શ્રવણકુમારની પરિક્ષા, દેવોનો આશીર્વાદ શ્રવણકુમારની વિદાયગીરી.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો-સ્થળ-રાજ્ય મહાલય—દશરથ રાજાને પુત્ર નહિ હોવાથી થતો પરિતાપ, શૃંગી ઋષી પાસે પુત્રેષ્ટી યજ્ઞ કરાવવાનો નિશ્ચય.

પ્રવેશ ૨ જો-સ્થળ-નંદશંકરનું મકાન—વિજળી તથા તેની બ્હેનપણીઓનો વિજળીની સાસુ પ્રત્યે વિનોદ, વિદ્યાગવરી તથા નંદશંકરનું તે વખતે અચાનક આવવું, માતાની તબિયત સારી હોવા છતાં જૂઠાં બ્હાનાથી નંદશંકર તેને તેડી લાવ્યો તેથી ગુસ્સે થઇ ચાલ્યા જવું.

પ્રવેશ ૩ જો-સ્થળ-પ્રયાગ—શ્રવણ તથા તેના માતા પિતાનું પ્રયાગમાં યાત્રાએ આવવું. ગોરોની દક્ષિણા માટે રકઝક. યમુનાજી પ્રાગટ્ય, ઇચ્છીત વસ્તુનું મળવું.

પ્રવેશ ૪ થો-સ્થળ-કાશીવિશ્વનાથનું મંદિર—કાશીરાજા તથા શ્રવણકુમાર વચ્ચે પિતૃ ભક્તિ માટે સંવાદ, પિતૃ ભક્તિથી પ્રસન્ન થઇ માહાદેવનું પ્રગટ થઇ વરદાન આપવું.

પ્રવેશ ૫મો-સ્થળ-રસ્તો—વિદ્યાગવરી પોતાના સાસરીયાના ખબર પૂછવા રસ્તામાં ઉભે છે. તેવામાં ચંપકલાલ પોતાના રંગ રાગમાં મસ્ત બનેલો આવે છે. ચંપકલાલ શ્રવણકુમાર માતાપિતા સાથે યાત્રા કરવા ગયાના ખબર આપે છે. વિદ્યાગવરી ત્યાં જવા નિશ્ચય કરે છે. ચંપકલાલ વિદ્યાગવરી ઉપર મોહ પામી તેને ભ્રષ્ટ કરવા પ્રયત્ન કરે છે. વિદ્યાગવરી તેને શ્રાપ આપે છે, ચંપકલાલને કોઢ નીકળે છે.

પ્રવેશ ૬ ઠો-સ્થળ-ચંપકલાલનું મકાન—ચંપકલાલ તથા ચંમેલી વચ્ચે તકરાર થતાં ચંપકલાલને કોઢ નીકળેલો જોઇ તેનો તિરસ્કાર કરી ચાલી જાય છે ચંપકલાલ તેની પાછળ શોધમાં જાય છે.

પ્રવેશ ૭ મો-સ્થળ-મહન્તનું મંદિર—ગુરૂ ચેતનદાસ તથા ચેલા રામકીદાસ વચ્ચે ચંમેલીને બોલાવવાની રકઝક ચાલે છે તેવામાં ચંમેલી આવે છે, ચંમેલી તથા ચેતનદાસ નાશી જવાની તદબીર કરે છે, રામકીદાસ સાથે આવવા આગ્રહ કરે છે, પણ તેને કાઢી મુકી પોતાના જેવીજ વર્તણુંક ચલાવી કોઇ જગો બાંધવા ભલામણ કરી વિદાય થાય છે.

પ્રવેશ ૮ મો. સ્થળ-રણભૂમી—શ્રવણકુમારને રણભૂમિનો પ્રભાવ લાગતાં તેની બુદ્ધીમાં ફેરફાર થાય છે, તેથી તેના માતા

પિતાની આજ્ઞાનો લોપ કરી એક બાજુ સુઇ જાય છે. તેવામાં ચંપકલાલ તથા સુખાનંદ ચોરેલા હાર સાથે આવે છે, તે હાર શ્રવણકુમારના પિતાના ગળામાં પેહેરાવી નાશી જાય છે, શોધમાં નીકળેલા રાજા સીપાઇઓ આવી હાર જોઇ તે વિષે પૂછે છે, શ્રવણ તે સંબંધી ખુલાશો નહિ કરતાં તેને ગરદન મારવાનો રાજા હુકમ કરે છે, માતાપિતા કલ્પાંત કરે છે, ચંપકલાલ દુઃખમાં વધારો કરે છે, શોધમાં નીકળેલી વિદ્યાગવરી ત્યાં આવે છે, પતિની આ દશા જોઇ દીલગીર થાય છે, શ્રવણકુમારની પ્રાર્થનાથી શ્રી જગદિશ્વર પ્રગટ થાય છે.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો. સ્થળ—જંગલ—રાજા ચંપકલાલ તથા સુખાનંદને સુળીએ ચઢાવવાનો હુકમ કરે છે. ચંપકલાલ તથા સુખાનંદ મારી મળવા અરજ કરે છે, શ્રવણકુમાર તથા વિદ્યાગવરી આવી રાજાને તે આને મુકત કરવા માટે વિનંતી કરે છે, રાજા તેઓને છોડી મૂકે છે, ચંપકલાલ પોતાના પાપનો પસ્તાવો કરે છે.

પ્રવેશ ૨ જો. સ્થળ-રસ્તો—ચેતનદાસ તથા ચમેલી વચ્ચે તકરાર, નાશી જવાની રકઝકમાં બાવાના હાથમાંથી છરી ઝુંટાવી લઇ ચેતનદાસનું ખુન કરે છે.

પ્રવેશ ૩ જો. સ્થળ-બદ્રીકેદારેશ્વરનું મંદીર—શ્રવણ કુમાર બદ્રિકેદારેશ્વરનાં દર્શને આવે છે, વિદ્યાગવરી જળની ઝારી લાવતાં બરફમાં ગળવા માંડે છે, બદ્રીનાથ પ્રગટ થઇ તેને વરદાન આપે છે, અને શ્રવણકુમારને તેની યાત્રા પૂર્ણ થયેલી જણાવી તેને ઘેર જવાની આજ્ઞા કરે છે.

પ્રવેશ ૪ થો. સ્થળ-નંદશંકરનું ઘર—નંદશંકર પોતાની માતાને વિજળીએ કરેલ મશ્કરીનો બદલો લેવા વિચાર કરે છે. મેહેમાન આવવાના છે તેવું જણાવી વિજળીને રસોડામાં રેહેવાનું સમજાવે છે નંદશંકરની બ્હેન લલીતા માંદી હોવાનું બ્હાનું કાઢી પલંગ ઉપર સૂઇ રહેવાનું નંદશંકર કહે છે, તેવામાં નંદશકરના સાસરીઆં વિચિત્ર વેશમાં આવે છે બળીયાકાકાની માનતા કરે છે, વિજળી તે જોઇ ઝંખવાણી પડી જાય છે.

પ્રવેશ ૫ મો. સ્થળ-ધર્મશાળા—ચંપકલાલના માતાપિતા ભાનુપ્રસાદ તથા લક્ષ્મી ચંપકલાલની ચીંતા કરતાં બેઠાં છે, ચંપકલાલ ત્યાં આવી પહોંચે છે. ચંપકલાલ માતપિતાને દુઃખ દેવા માટે પસ્તાવો કરે છે, ચંમેલી રખડતી આવી પહોંચે છે, અને સર્વેની માફી માગે છે.

પ્રવેશ ૬ ઠો. સ્થળ—ઉપવન—દશરથ રાજા શીકારની શોધમાં ફરે છે, તેવામાં શ્રવણકુમાર પોતાના માતપિતા સાથે આવે છે, જ્ઞાનવતી પાણી માગે છે, શ્રવણકુમારને તે લેવા જતાં દશરથ રાજાનું બાણ વાગે છે, શ્રવણકુમાર માતાપિતાની સંભાળ લેવાની ભલામણ કરી દેહ ત્યાગ કરે છે રાજા દશરથ પાણી પાવા માટે શ્રવણના માતપિતા પાસે જાય છે પણ અંતે શ્રવણના મરણના ખબર સાંભળી દશરથને શ્રાપ આપી બન્ને મરી જાય છે. રાજા દશરથ યમરાજ, ઇંદ્ર, બ્રહ્મા. શંકર, તથા વિષ્ણુને તેઓને સજીવન કરવા અરજ કરે છે, શ્રવણકુમાર સજીવન થાય છે, માતપિતા તથા વિદ્યાગવરી વિગેરેને મળે છે, વિષ્ણુ ભગવાન તેને ઉચ્ચ પદવી આપી અવીચળ પદ આપે છે.

हरि ॐ

શ્રવણકુમાર નાટકનાં ગાયનો

અંક ૧ લો.

મંગળાચરણ.

સુત્રધાર વિગેરે ૧

ૐ હરશંકર સુખકર નાથ સદા વરદા નમુ
તું જય જયકર અમપર તાપ ટળે તનના સહુ
સકળ સૃષ્ટિના જીવનહાર તારણ તરણ જગદાધાર
વ્યાપક તું સ્થાપક તું જળમાં તું સ્થળમાં તું
સકળ જગત્ રસથી તેં રચ્યું
નમીએ ચર્ણ કમળમાં પ્રભુ ૐ

બાળાઓ— ૨

એ....પિતૃપદ પ્રેમથી પીછાણીએ
એ.... અંતરમાં આનંદ આણીએ

પ્રથમ પ્રિત અવનીમાં પ્રભુતણી જાણીએ
અન્ય પ્રિત ભ્રાતા ભગિનીતણી જાણીએ
તેથી અધિક પ્રિત પિતુ માતાની પ્રમાણીએ (૩) એ.

વારાંગનાઓ— ૩

પમગરે, નીધપમગરે, ધનીગરેપ
ધનીરે, ગરેનીસા. પમ
સાનીધપ, ધનીસારેગ, ધનીસારે, પધનીસા
ગમપધ, રેગપગરેનીસા, પમ
ગરેસા, રેસાની, સાનીધ, નીધપ, ધપમ
પમગ, મગરે, ગરેસા
મપધની, સારેસાનીસા, ગમપધ, નીધપ
મપ, રેગપ, ગરે, સાનીસા. પમ

શ્રવણકુમાર— ૪

અષ્ટ પ્રહર હું તો કરીશ માત પિતા તણી સેવા
કરૂં સેવા, માનું તેને દેવા (૨)
મુજને અન્ય વિષય, રૂચે નહિ, અંતરમાંહી
ઈચ્છું ન કાંઇ અન્યતણી સેવા—માનું
જન્મીને આ જગતમાંહી પિતૃ સેવા જેણે જાણી
ધન્ય તેની જીંદગાની
કરી કમાણી, મનથી માની જગમાં જાણી
માની મીઠા મેવા—માનું.

ચમેલી— ૫

રંગીલી હું છું નાર નવેલી કેવી મારી લટક
ચાલુ ચટક મટક..........
સાસુ સસરાનું સાલ ઘણું
વળી ધણી છે ગમાર
મુર્ખ સરદાર રંગીલી
કોઇ શોધું પ્રેમી પ્યારો
કરૂં મુર્ખો એ મુજ ન્યારો
હવે જાઉં મોજથી ખાઉં જલેબી
હલવો પુરી........જાંબુ
અહા આજ થઇ ખુશી ખુશી રંગીલી

ચમેલી— ૬

હુ તો આવી રસીઆજી તમ પાસ
પ્રેમકાજ આજ, રંગીલા યોગી મહારાજ
ચેતનદાશ હું તો પૂજું તને દીલદાર ઓ ચમેલીનાર
મુકી મોટાં મોટાં કાજ હું તો
ચમેલી ભાત ભાતના માલ બનાવી
ખાંતે સુંદર સેવ હું લાવી
જમો જીવણજી આજ (૨)
ચેતનદાસ નશીબ ફળ્યું આ સાધુનું કંઈ
માલ મલીદા ખાઉં

મદન અગન વ્યાપી છે અંગે શી રીતે બુઝાઉં

ચમેલી થયો એક પંથ બે કાજ હુંતો

રામકીદાસ— ૭

સંસાર માંહી સાચો સમજો સાધુતામાં સાર
મેં માન્યો મનથી સાધુમાં સાર
કફની તિલક તુંબાધારી ફરે દિલ જયાં ચ્હાય
ધુતી ખાવા ભોળા જનને વિધ વિધ ઢોંગ મચાય
છેલ છબીલી નારીને સાચું જુઠું સમજાવે
માલ મલીદા ખાએ હરનિશ પરના માલ પચાવે-સંસાર

શ્રવણકુમાર— ૮

રે મનવા સમજ મન મનવા
મુકીદે જંજાળ મુસાફર શું મોહયો
આ મારૂં આ તારૂં માને તારૂં છે નહિ કોઇ
મૂરખ મનવા મનને પૂછી કર અંત સમયની સોઇ
રે મનવા
પાપ પૂન્ય પીછાણી મનવા ભર ડગલું સુખ લેવા
સાર સમજ સંસાર સકળનો
માત પિતાની સેવા રે મનવા

વિદ્યાગવરી ૯

પિયુ જાઉં મળી આવું હું માતા મંદીરીએ

શ્રવણ કુમાર ભલે જાઓ મળી આવો નથી ચીંતા
જરીએ-પિયુ

શાણી મધુરી મારી પધારો મૈયરીએ
વિદ્યાગવરી અલગ નવ રહેશો માત પિતાથી ઘડીએ
શ્રવણકુમાર ગુણ મણીમાળા, શાંતિ તણી શાળા
વિદ્યાગવરી નાથ મારા સકુમારરે પિયુ

વિજળી—

૧૦

હું તો જોબન મદમાતી છું નાર
નયનબાણ મારનાર વાર વાર
જોબન મદમાતી છું નાર—હું
નાની છું નાર શજી શણગાર
મોજે પ્રિતમથી કરનારી પ્યાર
લટક મટક લટકાળી ચાલે
ફરૂં ફરૂં હું તો સખીઓ સંગાથે—હું.

વિજળી તથા સાહેલીઓ—

૧૧

અરરર માડીરે વિંછુડે ચટકાવ્યાં મા વિંછુડો
મૂવો રડયો વિંછુડો
અરરર માડીરે રસ્તે રમવા ગઇ હતી મા વિંછુડો
મૂઓ રડયો વિંછુડો
અરરર માડીરે ખોબલે પાણી આવે મા વિંછુડો
મૂઓ રડયો વિંછુડો

અરરર માડીરે રાતને દહાડો સતાવે મા વિંછુડો
મૂઓ રડયો વિંછુડો
અરરર માડીરે ખુણે ઢોલીઆ ઢળાવો મા વિંછુડો
મૂઓ રડયો વિંછુડો
અરરર માડીરે મખમલ ગાદલા બીછાવો મા વિંછુડો
મૂઓ રડયો વિંછુડો
અરરર માડીરે પરણ્યાને બોલાવો મા વિંછુડો
મૂઓ રડયો વિંછુડો
અરરર માડીરે વિંછુની વેદના સમાવો મા વિંછુડો
મૂઓ રડયો વિંછુડો.

ચંપકલાલ— ૧૨

જાઓ ટળોને, દુર મરોને, ઝટ
અહીંથી તમે નીકળો મારા ઘરની બહાર

ચંપેલી—હવે મરો ટળો બળો ઝળો નીકળો
અહીંથી મૂખ કાળું નવ બતાવશો લગાર—જાઓ.

ભાનુમતી—સમજ સમજ મૂખ વદે છે શું
મતિ વિપરીત દેખું બક નહિ તું

ચંપકલાલ—છોડને લવારી સારી સાઠી બુદ્ધિ નાઠી
ડોસા હુંતો દેખું જાઓ મારા ઘરથી બહાર—જાઓ.

સર્વે— ૧૩

વહાલ ધરીને સજની વિનોદે વિચરીએજી
શ્રવણકુમાર માત પિતાને લેઇ સાથ
હો આજ જાએ આનંદેથી
તેને મળીએ પ્રિતેથી
જાએ યાત્રાએ પિતૃ કાજ—વહાલ
ચાલો સૌ સાથે જઇએ
તનમનથી આશીષ દઇએ
દર્શનથી થઇએ પાવન આજ—વહાલ

શ્રવણકુમાર— ૧૪

કાવડ આ ખાંધે ધારી યાત્રા હું જાઉં
અડસઠ તિરથ કેરાં દર્શન કરાવું—કાવડ
જપ તપ યજ્ઞ આદિ યોગની સમાધી તજી
માત પિતાને દેવ માની ખુશી થાઉં—કાવડ
આરે કાયાનું સાધન સાચું તો ગણીએ
પિતૃ સેવાને પ્રભુનું નામ જો ભજીએ—કાવડ.

અંક ૨ જો.

દશરથ— ૧૫

પ્રભુ તારી કૃતિ અપરંપાર અપાર
પામર જન ન પામે પાર પ્રભુ
વૈભવ સર્વે શુન્ય જણાએ
પુત્ર વિના જીવતર આ જાએ
વૃથા સઉ રાજપાટ તણો અધિકાર પ્રભુ
દૈવતણી ગતી કળી ન શકાએ
નિશ દિન અંતર મૂજ મુઝાએ
પુત્ર વિણુ સંસારમાં નહી કંઈ સાર પ્રભુ

વિજળી તથા સાહેલીઓ

૧૬

આવો આવો બેની સહુ રમીએ આજ
અધકો મચકો કારેલી
મારી શાણી સહીયરને ગમીએ— રાજ
તમે પરણ્યા કે કુંવારા રાજ
અમે લગન લગન કુંવારા રાજ
તમને કઇ વહુ ગોરી ગમશે રાજ

અમને આ વહુ ગોરા ગમશે રાજ
એ ઉંચીને શું કરશો રાજ
એ ઉંચી કેડે કુંચી રાજ
અમને આ વહુ ગોરાં ગમશે રાજ
એ કાળીને શું કરશે રાજ
એ કાળી કામણગારી રાજ અચકો

નંદુ ડોશી— ૧૭

અલી દીસું નવલી ધવલીનાર સુરતી રણઝણીઉં
જોયો જોયો પાતળીઓ ભરથાર સુરતી રણઝણીઉં
રૂમણે ને ઝુમણે ઝાંઝરને ઝણુકે
છુમ છુમ ચાલતી રણુકેને ઠણુકે સુરતી રણઝણીઉં
ઝીક ચળકતાં પોળકાં, નવો રેશમી સાળુ
ઘાઘરે ફરતી ઘુઘરી મારે નિત્ય નવું મોસાળું
ઘારી બરફી ખાવાવાળું મુખડું આસુંવાળું
ભલે વર કાઢે દીવાળું સુરતી રણઝણીઉં

નંદશંકર— ૧૮

બસ જાઉં જાઉં ઝટપટ હું તો
કરી ખટ પટ રંગ જમાવું જાઉં— બસ
સાસુ સસરાને રંગ ઢંગ
મચાવું જઇ જબરો હું જંગ
ધીક ધીક અવતાર છે નાર નાર

હઉં હઉં પ્રીટકાર હજારવાર
જોજે નચાવું તુજ માતતાત
છળબળથી જમાવું હું જાળ જાળ બસ

શ્રવણકુમાર— ૧૯

નમું હું ત્રીવેણી પતિત પાવની (૨)
તુજ સ્નાનથી પામર જનો
તરી જાય છે અવની થકી—ત્રીવેણી.
ગંગા યમૂના સરસ્વતિ
ત્રીવેણી સંગમ તીર્થ આ
વળી વેણી માધ્વ અક્ષય વટ
તુજને નમું (૩)

વિદ્યાગવરી— ૨૦

દુનિઆમાં સુખ શાંતિ નજરે
હું તો નહિ ભાળું
પિયરીએ સુખ નવ જોયું
સાસરીઆમાં ચિત્ત પ્રોયું
હવે સાસુ સસરાને
પતિ સેવ કરી સુખી થાઉં—દુનિઆ.
આ જીવનતણું સાચું સાધન
જગમાં હું તેજ પ્રમાણું—દુનિઆ.

વિદ્યાગવરી— ૨૧

દૂર રહે અવિચારી દૂર દૂર
પાપી વિચારી તું બોલ ઓ મગરૂર

ચંપકલાલ—ઓ મધુરી નાર
કર કંઈ વિચાર
જરી સમજ સાર
અંતર વિચાર

વિદ્યાગવરી—હઠ જા
દૂર થા
મૂર્ખા
જા જા—દૂર.

ચંપેલી— ૨૨


જોબનીઉં જાએ ચાલી
ખીલી ફૂલવાડી બની હું મતવાલી
રંગીલી છું નારી
હું કેવી નખરાવાળી
બોલી મારી છે કાલી
સઉને લાગું હું વ્હાલી
ગાડી ઘોડે ફરનારી છું નારી
પરવા નહિ કરનારી છું નારી—જોબનીઉં.

રામકીદાસ— ૨૩

કિંચીત કુસંગેરે બોધ બગડે ઘણોરે
પ્રત્યક્ષ તેનું છે પ્રમાણ
મણ દૂધ માંહીરે છાંટો પડે છાશનો
પછી તેનાં જુદાં થાય વખાણ—કિંચિત
ગાય સરી કોઇ દિનરે હરાયા સાથે હળેરે
બીચારીને ગળે ડેરો બંધાય
નાર સારી કોઇ દિનરે કુલટા સંગમાં ભળેરે
જગમાંહી જુદા ગુણ ગવાય—કિંચિત.

શ્રવણકુમાર— ૨૪

દાસતણી અરજી ઉર ધરજો
કરૂણા સીંધુ સંકટ હરજો—દાસ.
ધ્રુવ પ્રહલાદ પ્રભુ તમે તાર્યા
ભાવિક ભકતોને ઉગાર્યા—દાસ.
રિશ્ચંદ્ર રાયની હરકત જાણી
તજી સુધારી સારંગપાણી—દાસ.



અંક ૩ જો.

ચંપકલાલ— ૨૫

અરે હા આ દશા મારી શી થઇ
કર્યો મેં તો કર્યાં ખુની અરે થઇ
હે દયાળુ દેવ મારા દોષ સર્વ દૂર કરો
મમ હૃદયમાં ભક્તિ ભરી
તિમિર તનમનનું હરો—કર્યો.

શ્રવણકુમાર— ૨૬

આપું અંતરથી આશીષ
તારો જય થશે.
વ્યાધીને ઉપાધી તારી દૂર થશે.—આપું
કરજે સદાનું કામ સર્વે પાપથી અળગો રહી
ધરજે હૃદયમાં ધ્યાનનું સંતની સેવા મહી
ડરજે સદા દુરીજન થકી દુનીઆછે માયાથી ભરી
ભરજે ભંડારો ભક્તિના, માતાપિતા સેવા ખરી વ્યાધિ